વૃધ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનોના અંત્યેષ્ઠી માટે રૂા. ૫૦૦૦/-ની સહાય માટે કુલ રૂા. ૨,૫૦,૦૦૦ની વર્ષ-૨૦૨૨-૨૩ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:વનપ/૧૧૨૦૨૨/૩૧૫૪/નબા-૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૧/૦૪/૨૦૨૨

**વંચાણમાં લીધા-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા:૨૨/03/૨૦૨૨નો પત્ર ક્રમાંક:સસુખા/યજન/નવી બાબત/૨૦૨૧-૨૨/૨૯૫

**આમુખ:-**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધા ક્રમ(૧) પરના તા.૨૨/03/૨૦૨૨ના પત્રથી વૃધ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનોના અંત્યેષ્ઠી માટે રૂા. ૫૦૦૦/-ની સહાય માટે કુલ રૂા. ૨,૫૦,૦૦૦ની વર્ષ ૨૦૨૨-૨૩ની નવી બાબતને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં રૂ. ૨૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વૃધ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનોના અંત્યેષ્ઠી માટે રૂા. ૫૦૦૦/-ની સહાય માટે કુલ-રૂા.૨,૫૦,૦૦,૦૦૦/-ની વર્ષ ૨૦૨૨-૨૩ની નવી બાબતને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે. તેમજ આ યોજનાના અમલ માટેની વિગતવાર કાર્યપધ્ધતિ, શરતો, ફોર્મ વગેરે અલગથી નક્કી કરીને વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

4. આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ તેમજ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.
7. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે
8. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
9. આ યોજનાને C.M.Dash Board સાથે Link કરવી.
10. સોશિયો ઇકોનોમીક ઇમ્પેકટ ઇવેલ્યુશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.
11. યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.
12. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
13. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
14. આ યોજનાનો અમલ તા:૦૧/૦૪/૨૦૨૨થી કરવાનો રહેશે.
15. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
16. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
17. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

(૧) માંગણી ક્રમાંક :- ૦૯૨

**મુખ્ય સદર :- ૨૨૩૫ સામાજિક સુરક્ષા અને કલ્યાણ,**

**પેટા મુખ્ય સદર:- ૦૨- સમાજ કલ્યાણ,**

**ગૌણ સદર :- ૨૦૦ અન્ય કાર્યક્રમ**

**પેટા સદર :- ૦૧ SSW-૧૧ (અંત્યોદય અશકત અને નિરાધાર વૃધ્ધ વ્યકતિઓને રોકડ સહાય)**

(૨) માંગણી ક્રમાંક :- ૦૯૫

**મુખ્ય સદર :- ૨૨૩૫ સામાજિક સુરક્ષા અને કલ્યાણ,**

**પેટા મુખ્ય સદર:- ૦૨- સમાજ કલ્યાણ,**

**ગૌણ સદર :- ૨૦૦ અન્ય કાર્યક્રમ**

**પેટા સદર :- 03 SSW-૧૧ (અંત્યોદય અશકત અને નિરાધાર વૃધ્ધ વ્યકતિઓને રોકડ સહાય)**

(3) માંગણી ક્રમાંક :- ૦૯૬

**મુખ્ય સદર :- ૨૨૩૫ સામાજિક સુરક્ષા અને કલ્યાણ,**

પેટા મુખ્ય સદર:- ૦૨- સમાજ કલ્યાણ,

ગૌણ સદર :- ૭૯૬ આદિજાતિ પેટા વિસ્તાર યોજના

પેટા સદર :- ૦૧ SSW-૧૯ (અંત્યોદય અશકત અને નિરાધાર વૃધ્ધ વ્યકતિઓને રોકડ સહાય)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૮/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિરેન શુકલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સર્વે કલેકટરશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મરફતે)
7. સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ, (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મરફતે)
8. સર્વે મામલતદારશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મરફતે)
9. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
11. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
12. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
13. સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે)
14. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફતે)
15. સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
16. સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર વિભાગની વેબસાઈટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
17. પસંદગી ફાઇલ-૨૦૨૨.